5. આ શિક્ષણ પદ્ધતિના સોપાનો તારવો.

**પ્રશ્ન 3. નીચે આપેલા પ્રશ્નો પૈકી કોઈપણ એક પ્રશ્નનો મુદ્દાસર ઉત્તર લખો.** 07

1. એચ રોબિન્સન આપેલું વચન પ્રતિમાના વાચન પ્રતિમાં કરતાં કઈ રીતે જુદું પડે છે? -નોંધ તૈયાર કરો
2. ચિંતન પ્રક્રિયાનું મહત્વ સ્પષ્ટ કરો

**પ્રશ્ન 4 નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ બે પ્રશ્નોના ઉત્તર આપો.** 10

1. વિનોબાના શિક્ષણ- વિચારમાંથી લીધેલ ઉપરોક્ત ફકરા ના આધારે નીચેના પ્રશ્નનો ઉત્તર આપો.

ઘણા લોકોને એમ લાગે છે કે અંગ્રેજી વગર શિક્ષણ અધૂરું રહી જશે, કારણ કે દુનિયાને માટે તે એક 'વિન્ડો' છે, બારી છે. આ વાતમાં કંઈક તથ્ય છે, તેની ના નહીં. પરંતુ મારું કહેવું એમ છે કે તે 'એક' બારી છે. બુદ્ધિશાળી લોકો પોતાના ઘરમાં માત્ર એક બારી નથી રાખતા, ચારે દિશામાં અલગ-અલગ બારી રાખે છે. તો જ ચારેય બાજુનું દર્શન થાય છે. એક જ બારી હંમેશા એક જ બાજુનું દર્શન કરાવશે. અને તે એકાંગી દર્શન હશે. અંગ્રેજીનું સ્થાન ભલે દુનિયામાં મોટું હોય, પરંતુ દુનિયા અંગ્રેજી કરતાં ઘણી મોટી છે. માટે આપણે શિક્ષણમાં અંગ્રેજીને ઉચિત સ્થાન વિશે સ્વસ્થતાથી વિવેકપૂર્વક વિચાર કરવો જોઈએ. અંગ્રેજી ને વધુ પડતું મહત્વ આપી દઈને શિક્ષણના આપણા સમગ્ર આયોજનમાં ખલેલ પડવા દેવી જોઈએ નહીં.

પ્રશ્ન: 'શિક્ષણમાં અંગ્રેજીને સ્થાન' અંગે તમારા પ્રતિભાવ સ્પષ્ટ કરો.

2. ફકરાના આધારે નીચેના પ્રશ્નનો ઉત્તર આપો.

ઘણી રમત એવી હોય છે જે વિદ્યાર્થી માં હિંમત, સહનશીલતા, ઉત્સાહ, કાર્યકુશળતા, ઇચ્છાશક્તિની સ્થિરતા, ત્વરિત નિર્ણયશક્તિ, વિકટ પરિસ્થિતિમાં શું કરવું તેની સમજ અને કુશળતા વગેરે આવશ્યક ગુણોને પ્રગટ કરવામાં મદદરૂપ થાય છે. સ્વસ્થ વિનોદ, બીજા પ્રત્યે સહનશીલતા તથા સંભાળ, બીજા સ્પર્ધકો અને વિરોધીઓ પ્રતિ સાચો અભિગમ અને મૈત્રી, રમતના નિયમો નું પાલન, સફળ સ્પર્ધક પ્રતિ ગંદી મજાક કર્યા વિના જીત કે હારનો સ્વીકાર, વ્યવસ્થા, સામૂહિક કામનો સ્વીકાર વગેરે ગુણો આવે છે.

પ્રશ્ન: ચારિત્ર્યની સંકલ્પના સ્પષ્ટ કરી; ડૉ. કિરીટ જોશીના ઉપરોક્ત વિધાનને આધારે 'રમતો વિદ્યાર્થીઓના ચારિત્ર્ય ઘડતરમાં કઈ રીતે મદદરૂપ થાય છે, તે સંક્ષિપ્તમાં જણાવો.

3. ફકરાના આધારે નીચેના પ્રશ્નનો ઉત્તર આપો.

'હોવા'ના વલણમાં ગર્ભિત છે, સક્રિય થવાની શક્તિ. હોવાના અભિગમને સમજવા માટે સક્રિયતાનો ભેદ સમજવો જરૂરી છે. આધુનિક અર્થમાં સક્રિયતા એટલે કામમાં વ્યસ્તતા. પણ ખરા અર્થમાં હું કામમાં વ્યસ્ત હોઉં પરંતુ સક્રિય ન પણ હોઉં. આ પ્રકારની વ્યવસ્થામા હું મારી જાતને મારા કામના કરતા તરીકે નથી અનુભવતો, કોઈ બીજી જ વ્યક્તિ કામ કરે છે તેમ મને લાગે છે. સાચા અર્થમાં સક્રિયતા એટલે 'સર્જન'. સાચા અર્થમાં સક્રિયતા એટલે 'ઉત્પાદન સક્રિયતા'. ઉત્પાદકતાનો અર્થ એવો નથી કે કોઈ વસ્તુ ઉત્પન્ન કરવી કે કોઈ ચિત્રનું સર્જન કરવું. જે માણસો પોતાને ઊંડાણથી જાણે છે અથવા કાવ્ય વાંચતા જે માણસો કવિએ વર્ણવેલા મનોભાવોની અનુભૂતિ કરે છે, તેવા બધા માણસો કોઈ ચીજ ઉત્પન્ન નથી કરતાં છતાં પણ ઉત્પાદક કાર્ય કરે છે. આવા ઉત્પાદક માણસો જ મહત્વના છે, તેઓ શું કાર્ય કરે છે તે મહત્વનુ નથી. તેઓથી થતું કોઈ પણ કાર્ય રૂડું જ હોય છે.

પ્રશ્નો.

1. 'હોવા'ના વલણમાં શું ગર્ભિત છે?
2. આધુનિક અર્થમાં સક્રિયતા એટલે શું?
3. લેખકના મતે સક્રિયતાનો સાચો અર્થ શું છે?
4. 'હોવા'નો અભિગમ ધરાવતા માણસો કેવા હોય છે?
5. 'પામવું કે હોવું' પુસ્તકના લેખક કોણ છે?